# ફ્રવરદેગાંન ટાંકણે અનુશેહ-રવાંનોને સ્પેન્દારમદ મહીનાના ફ્રવરદીન રોજે યા અશીશવંઘ રોજે ઈજન યાને યાદ કરવાના મિથ્ર :

સ્પેન્દારમદ મહીનાના ફ્રવર્દીન રોજે ઈજશ્ન તેમજ બધી ક્રિયાઓ ફક્ત તેજ અનુશેહ - રવાંનોને માટે કરવાનો હોકમ છે. કે જેઓ અકસ્માતથી મરી જવાના સબબે. તેઓના દીવસ સહમળ ગયો હોય અને તેઓનો ખરો દહાડો - વાર નહીં નોંધાયો હોય અને જરથોશતી દએનનાં ફરમાન મુજબ ફ્રવર્દીન મહીનાનો ફ્રવર્દીન રોજ. આદર મહીનાનો ફ્રવર્દીન રોજ. યા કોઈબી બીજો ફ્રવર્દીન. રોજ. યા દએ મહીનાનો આદર રોજ લગાડીને તેઓની બધી ક્રીયાઓ કરવામાં આવી હોય. અહીં જણાવવું જોઈએ કે દએ મહીનાનો આદર રોજ ફક્ત જે શખ્સ મહાસાગરમાં અકસ્માતથી ડુબવાના સબબે તથા સાથે સાથે માહી યાને મચ્છીને હાથે ભક્ષ થયો હોય તેવાંજ ઉરવાનને એ દિવસ લગાડવાનો હુકમ છે. હવે ત્યારે એવાં અનુશેહ - રવાંનોની ફ્રવરદેગાંનની ક્રીયા કરતી વખતે તેઓને સ્પેન્દારમદ મહીનાના ફ્રવર્દીન રોજે નામ-બ-નામ યાદ કરી ખાસ તેઓને તાકચીઆનમાં હાજર થવાનાં ઈજશ્નના મીથ્ર (જે હવે પછી આપવામાં આવ્યા છે તે) ફેંકવાનું તથા આફ્રીનગાંન. બાજ. ફ્રવશી તથા સતુમ (અને મકદુર માફક યજશ્ને - વંદીદાદ). કરવાનું ફરમાન છે. પણ જે અનુશેહ-રવાંનોનો દહાડો-વાર ખુલ્લો જણાયલો હોય. કે જેમ બધાં સાધારણ રીતે મરણ પામેલાં અનુશેહ-રવાંનોના બાબમાં હોય છે. તેઓનાં સંબંધમાં તો અશીશવંઘ રોજેજ તાકચીઆનના હાજર રહેવાના ઈજશ્નના મિથ્ર ફેંકવામાં આવે છે. ઉપર જે સહમલ થયલાં યાને દહાડો-વાર નહીં નોંધાયલાં ઉરવાનો વીષે લખ્યું છે તેવાં સહામલ થયલાં ઉરવાનોને પણ અશીશવંઘના મિથ્ર વખતે પાછાં યાદ કરવાનો હુકમ છે. એવાં સહામલ થયલાં ઉરવાનોને સ્પેન્દારમદ મહીનાના ફ્રવર્દીન રોજે ખાસ વધારની યાદ કરવાની મતલબ એટલી જે છે કે તેઓનો દહાડો-વાર નહીં નોંધાવવાના સબબે ઉપર મુજબ ફ્રવર્દીન રોજ લગાડીને ક્રીયાઓ થયલી હોવાને લીધે ફરરોખ ફ્રવર્દીનની તુફેલ તેવાં ઉરવાનોને આપવામાં આવે છે. કારણ કે સહામલ ઉરવાનો ફ્રવર્દીનની તુફેલમાં યાને ખાસ પનાહ-પોશીમાં સોંપાયલાં છે.

## મિથ્ર કરવા માટે શરૂઆતની સુચનાઓ

'તાકચીઆન' એટલે 'ફ્રવરદેગાંનની ક્રીયા માટે આરાસ્તે કીધેલી મુકતાદની જગ્યા' નજદીક. શતરંજી પેવંદથી બીછાવીને યાને બેવડી પાંથરીને તે ઉપર 'દો-ઝાનું' તે મિથ્ર કરનાર શખ્સે બેસવું. 'દો-ઝાનું' એ આપણી અસલી ઈરાની એબાદત કરતી વખતની ખાસ ઢપ (Posture) યાને બેઠકની રીતી છે. જેમાં મરદ હોય તો બેઉ પગને ગુંટણ આગળથી વાળીને બન્ને પાટલીઓ જમણી ગમ સાથે રહે તેમ બેઠક લેવામાં આવે છે. અને ઓરત હોય તો બેઉ પગ ગુટંણ આગળથી વાળીને બન્ને પાટલીઓ ડાબી ગમ સાથે રહે તેમ બેઠક લેવામાં આવે છે. ત્યારબાદ. તે

મિથ્ર કરનારાઓએ દો દસ્ત બસ્તા કરીને એટલે કે બન્ને હાથની હથેલી ચત્તી ભોંયપર નાંખીને, સર ખાક તરફ મિથ્ર દરમ્યાન આખો વખત નમાવેલું રાખીને, 'ખ્યાલાત' યાને વિચારો ફેંકવામાં મશગુલ થવું. અસલ મિથ્ર અલબત્તાં બીજા મિથ્રોની માફક પેગામ્બર સાહેબના વખતમાં બોલાતી કયાન જબાનમાં જોડેલા હતા, પણ જમાનાના દોરથી હાલમાં આપણી પાસે જાહેરમાં અહીં જળવાયલા નહીં હોવાથી, ગુજરાતીમાં તેનો સાર હેઠળ આપવામાં આવ્યો છે : "મિથ્ર" યાને 'જરથોસ્તી દએનમાં સમજાવેલાં કુદરતનાં મરકજોના વિચારો' આપણને હંમેશાં સમજીને પુર ભાન સહીત તેમાં ચકચુર થઈને, ઘણાંજ ધીરે ધીરે તેમજ ઠેરવેલાં દીલની શાંતીથી ખ્યાલમાં લાવવાનો હુકમ છે. અને જે અનુશેહ - રવાંન યા કુદરતનાં મરકજ યા ચીજ માટે ખ્યાલાત કરતા હોઈએ તેની આકૃતી મનની આંખ આગલ હાજર હોય તેમ ખુબ જોશમાં મનમાં કલ્પેલી રાખવી. યાદ રાખવું કે બર-વકતનાં ફવરદેગાંનના પહેલા દશ દહાડા (પન્જ-ઈ-કેહ અને પન્જ-ઈ-મેહ) આપણાં ગુજરેલાં ઉરવનોને પોતાને "અષાઉનાંમ ફ્વષીનાંમ"ની તુફેલમાં અહીં ઉતરવાનો મહાન હીંગામ છે. તેથી એ ટાંકણે ખુદ અનુશેહ-રવાંનોને અને નહીં કે તેઓના ફરોહરોને યાદ કરવા. બીજી બધી ક્રીયારો વખતે હંમેશાં ગુજરેલાંના અશો ફરોહરોજ હાજર થઈ શકે છે. પણ બર-વકતના ફવરદેગાંનના પહેલાં દસ દિવસ - આરતાદ રોજથી વહિશ્તોઈશ્ત ગાથા સુધી - ખુદ આપણાં ગુજરેલાં વહાલાંઓ "અષાઉનાંમ ફ્વષીનામ"ની તુફેલમાં અહીં ઉતરે છે, એટલું જ નહીં, પણ બધાં આગલ વધેલાં પઓઈર્યો - ત્કએષનાંમ તેમજ અશોનામનાં ઉરવાનો જેઓ શશ કેશ્વરો ઉપર તેહેદરયાત (યા ને વૃદ્ધિ) કરતાં હોય તેઓમાંના જેઓ સઓષ્યન્તો હોય તેઓ જો જરૂર હોય તો મદદ કરવા અને બાકીનાંઓ ક્રીયાના સ્તોત અને ખાસ્તર લેવા અષાઉનામ ફ્વશીની તુફેલમાં અહીં પધારે છે. વળી જજાનાં બધાં ઉરવાનો જેઓ વરજમીનાં મરકજ પર થોભેલાં હોય છે તેઓ યા સજાનાં ઉરવાનો ગંજીશી - કંગદેજી .યા અપાખ્તરમાં બુરા કેશશનો ભોગવટો પામતાં હોય તે બધાં એકેએક ઉરવાનો ફવરદેગાંનના દશ દીવસો ઉપર આ ખનીરથ બામીમાં "અષાઉનાંમ ફ્વષીનાંમ" નામની કુદરતની મદદગાર શક્તિઓની તુફેલ યાને પનાહપોશીમાં ખાસ સ્તોત અને ક્રીયાની ખાસ્તરની આશામાં ઉતરે છે ના, એટલું જ નહીં, પણ સોથી આગલ વધી ગયલાં જીરમાની આલમ ઉપર ગયલાં મહાન "નબા-નજદીશ્તનામ ફ્વષીનાંમ" ને લગતાં ઉરવાનો જેઓ સોષ્યન્તો તરીકે અહીં જુદે જુદે વખતે દીન ફેલાવી ગયા હતા તે જીરમાનીના મહાન સાહેબોનાં ઉરવાનો વટીક જરૂર પડવે ફવરદેગાંનના આ મોતેબર પહેલા દશ દીવસો ઉપર આ ખનીરથ બામીપર પધારે છે, પણ તેઓ અષાઉનાંમ ફ્વષીનાંમની તુફેલ વગર સીધાં સ્વતંત્ર રીતે આવે છે, અને કુદરતનાં વૃદ્ધિનાં કાર્યમાં મીનોઈ શક્તિઓને મદદગાર થાય છે. આ દશ દિવસો પછી સૃષ્ટીનાં એકેએક ઉરવાનો પોતપોતીકાં મુકામે પાછાં વીદાય થાય છે.

હવે એ ઈજનના મિથ્ર આપણે જોઈશું :

# ઈ જ નં ના મિ થ્ર :

"સૃષ્ટીના પેદા કરનાર અહુરમઝદની ખુશ્નુદી હોજો! "અષાઉનાંમ ફ્રવષીનાંમ." ગાથાઓ. બધા યઝદો. ફરચેખ (ફ્રવર્દીન). ત્રણ દએ (દએ-પ-આદર. દએ દએ-પ મેહેર અને દએ દએ-પ-દીન). પાંચ મીનો (મીનો રામ. મીનો અશીશ્વંઘ. મીનો આસ્માંન. મીનો મારેસ્પંદ અને મીનો અનેરાંન). તથા સાતે અમશાસ્પંદો. - એ બધી કુદરતની મહાન મદદગાર ચડ઼ડ ઉતર મરતબાની શક્તિઓને નમન હોજો! તેઓનાં મીનોઈ પ્રવાહ-રૂપી અશીશો અહીં અમો ઉપર સરોશ. મેહેર તથા રશ્ને યઝદની મારેફતથી ઉતરજો! તમારામાં રહેલી યઓનરશ્નુ અને આરમઈતીની કરમબક્ષેશથી હમુને હમારા મરતબા પ્રમાણે હાંસલ કરાવજો!

આ ગેતીની દુન્યાંના અહુ અને રતુ. અહીં જન્મેલાંઓમાં સૌથી બખ્તાવર (ફરચેખતુમ સૌથી અષો (અષોતુમ). તમામ દીનોનાં દીન લાવનારા સાહેબોના 'રદ' યાને વડા રેહબર સાહેબ. (રદે હરવસ્પ દીન્યાંન દીન બોરદારાંન). યઝદો સાથે એકતાન થયલા (યશ્તે યઝદાન. "શહુદ" થયલા (યાને કે 'માજી-ઉલ-માજી' (એટલે ઘણોજ દુરનો વહી ગયલો જમાન). 'માજી' (એટલે પસાર થયલા જમાન). 'હાલ' (યાને ચાલુ લાંબો જમાન) 'હાલી-ઉલ-હાર' (એટલે નજદીકનો પસાર થતો વખત). મુસ્તકબલી (યાને ભવીનો જામીન). 'મુસ્તકબલ-ઉલ-મુસ્તકબલ' (એટલે ભવીષનું ભવીષ). તથા 'ગાયબાંન' (યાને ભવીષના જમાનનોબી પેલીમેર (Beyond the future Ages)) ના - એમ બધા સાત જમાનાઓથી વાકેફગાર - એવા જે આસ્ને-વીરની બુલંદમાં બુલંદ બઓદાંગ યાને મીનોઈ અકલ ધરાવનાર બુલંદ ફરોહર સાથના વખ્શુરે-વખ્શુરાંન. રમ્ઝ-ગો. અહુરાના અષો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબ છે તેવણની નમનભરી યાદ ફીદા કીધેલાં અંતકરણના પુર એતેકાદ (ઉતપૂઈતી)થી અમો કર્યે છીએ! તેઓનાં રૂહ ઉપર સદ હજાર આફરીન અને દરૂદ હોજો!

મારેફતે-સરોશ-યઝદની હમો નાકસ ફીદાઈઓ નબા-નજ-દીશ્તનાંમ ફ્રવષીનાંમ. પઓઈર્યો-ત્કએષનાંમ ફ્રવષીનાંમ. તથા અશોનાંમ ફ્રવષીનાંમ- એવા જે ઉરવાનોના ત્રણ મહાન ચડ઼ડ-ઉતર દરજ્જા છે. અને જે દરેક દરજ્જાના વળી નવ નવ તબક્કા છે. તે બધાંને લગતાં ઉરવાનોને કુલ્યાતી રીતે (સામટાં) અહીં ખ્યાલાતમાં લઈએ છીએ. તેઓની જોશભેર યાદ અહીં કરયે છીએ! અને દુઆ કરીએ છીએ કે :-

ઈન્ બન્દગીએ મા. નિયાયશ્ન વ આફ્રિનેશ્ને મા. અએ સરોશ્. રસાનાદ્ બ ઉર્વાને અશોનાંમ્ ફ્રવષિનાંમ્. પઓઈર્ય-ત્કેષનાંમ્ ફ્રવષિનાંમ્. નબાનઝ્દિશ્તનામ્ ફ્રવષિનાંમ્. દરૂદ્ વ આફ્રિનશ્ન મા રસાન્. અએ સરોશ્. બ ઉર્વાને-શશ્ કેશવર્. બ ઉર્વાને નીસ્તીએ-અવ્વલ્ દર્

બઝ્મે અર્દાફ્રવષ્, બ ઉર્વાને નીસ્તીએ-મ્યાના બા ઉમેદે બેહીએ-ઝઝા, બ અનુશેહ ઉર્વાને-સઝા બ પોહલ્ દર્ કંગ્દઝ્ -દર્ ગંગ્દઝ્-દર્ વર્ઝમ્કર્દ્, બ ઉર્વાને-સઝાએ-ગંજેશ્, બ ઉર્વાને-સઝ્ર દર બન્દે-સેશબ્ દર્ અપાખ્તર્, — અએ સચેશ્, — ઈન્ હમા ચ તુફેલે અષાઉનાંમ્ ફ્રવષિનાંમ્ બાદ્.

અય સ્પેનાક મીનો અહુરમઝ્દ! સ્રેતાયશ્ન નિયાયશ્ને-બેકેયાસ દર્ બારેગાહે - તુ; દરૂદ વ આફ્રિનશ્ન અએ ખોદાવંદે - પાક્ બક્ષ્નુદીએ — ફસસ્તીહ — ઈ હોરમઝદ દાદારી — બ અહુરમઝ્દ ખોદા ઈન્ મીન્નત્જારી કબુલ બાદ્.

કબુલ બાદ્ ઈન્ બંદગીએ - મા દર્ વક્તે ફ્રવર્દેગાન્;
બન્દે આઝન્ગે મા યાદ્ દારીમ્ વ પતેત્ પશેમાનીમ્;
અઝ્ દ્રવંદીએ — મા હોશ્ દારીમ્, સરગશ્તેઈમ્, રાહ જાુઈમ્;
અએ મીનો સ્તીહગર; — કબુલત્ બાદ્ ઈન્ બંદગીએ-મા.

અએ રૂવાનાન્ કે આયદ્ દર્ તુફેલ્ વ પનાહ્પોશીએ— અષાઉનાંમ્ ફ્રવષિનમ્ મુક્કદસ્ બાદ્, બ ખએત્વ રસાનદ્, ગંજેશ્માની બાદ્. ખુશ્ આમદે। અએ મહેમાને - કદીમ્ બર્ વક્તે ફ્રવર્દેગાન્. મુબારક્ બાદ્ આન્ વક્તે કદીમે મુરહમતે ફ્રવર્દેગાની, મુબારક્ બાદ્.

"યાને અએ અશો સરોશ યઝદ! અમારી તરફથી થતી આ બંદગી. અમારી તરફની ન્યાએશ તથા આફરીનના મીથ. "અશોનાંમ ફ્રવષિનાંમ" ને લગતાં ઉરવાનોને. તથા "પઓઈરય-ત્કેષનાંમ ફ્રવષીનાંમ"ને લગતાં ઉરવાનોને. તથા "નબાનઝ્દિસ્તનાંમ ફ્રવષીનાંમ" ને લગતાં ઉરવાનોને. તું પહોંચાડજે!

અએ સરોશ અશો! અમારી તરફની દુવા તથા આફરીનની બંદગી છ કેશ્વરે (વોરૂ-જરેશ્ત, વોરૂ-બરેશ્ત, સવહ, અરેજહ, વીદદફષ, ફદદફષ)નાં રવાનોને, તથા અઝદાફ્રવષની મીજલસમાંના અવલ મરતબાની નીસ્તીનાં રવાનોને' તથા "ઝઝ્ર" યાને બદલો પામીને આગળ વધવાની નેક ઉમેદવાળા વચલી નીસ્તીનાં રવાનોને, તથા ચીન્વદ પુલ નજદીકના કંગદેઝ, ગંગદેઝ અને વરે-જમ-કર્દમાંના અનુશેહ રવાનોને, તથા ગંજીશીની સઝ્ર ભોગવનારાં રવાનોને તથા અષાખ્તરની નજદીકમાંના સે-શબના બંદમાંના સઝ્રને લગતાં ઉરવાનોને તું પહોંચાડતો રહેજે! અએ અશો સરોશ યઝદ, એ બધાંઓને "અષાઉનાંમ ફ્રવષીનાંમ"ની તુફેલ યાને ભલો સંબંધ હોજો!

અએ સોથી વૃદ્ધિ કરનાર મીનો હોરમઝદ! તારી દરગાહની અંદર બેસ્યાર સેતાયશ તથા ન્યાએશ હું કરૂં છું! અએ પાક ખોદાવંદ સાહેબ! દાદાર અહુરમઝદના ચાલુ વૃદ્ધિ પામનારા સ્તોતની ખુશનુદીને માટે દુવા તથા આફરીનના ઉદ્ગારો કરૂં છું! આ મારી અદના અરજગુજારી મુજના ખુદાની મારેફતથી દાદાર અહુરમઝદને કબુલ હોજો!

ફરવરદેગાંનના પવિત્ર હિંગામ ઉપર અમારી તરફની આ બંદગી કબુલ હોજો! અમારા ઉરવાનની તંગદસ્ત હાલત તથા તેની ઉપરનો "બંદી" યાને બેડીને યાદ રાખીને અમો પશેમાન થઈને પસ્તાવો કરીએ છીએ!

અમારી દરવંદ જેવી હાલતની અમે શુદ્ધિ ધરાવીને, ગુંચવાઈને અશો સીધો રાહ શોધ્યે છીએ! અએ તું મીનો સ્તીહુગર, મીનોઈ વૃદ્ધિની હસ્તીના સાહેબ! આ અમારા તરફની બંદગી તુંને કબુલ હોજો! અએ તમો ઉરવાનો, જેઓ "અષાઉનાંમ ફ્રવષીનાંમ"ની મારેફત તથા રક્ષણ હેઠળ પધારેલાં છેઓ, તેઓ વૃદ્ધિ પામીને "ખએત્વ" પામજો, અને શરીફ-ખસીસ અંશોનું જોડાણ કરજો! ગરોથ્માનને લાયક થજો, ફરવરદેગાનના હીંગામ ઉપર પધારનારાં અય તમો કદીમ પરોણાઓ! તમો ભલે પધાર્યા, ને ફરવરદેગાંનનો અસલ બર-વકતનો નેક-ખસલતનો હીંગામ તમને મુબારક હોજો! જરૂર મુબારક હોજો! આમીન!"

હમો સરનેગુન કરી દુઆ ગુઝારીએ છીએ કે હમારેથી જેવું કંઈ બની શકયું છે તેવી રીતે આ બધી અદના ક્રીયાઓ કરી, તમારી ખુશનુદી હમો ખરાં જીગરથી ફીદા થયલાં અંતઃકરણના ભક્તિભાવથી આટલા દિવસ હમો કરીશું, તે હમો તરફની બધી નજીવી ભેટો, — માંથ્રનાં સ્તોત, ક્રિયાની ખાસ્તર (યાને વીજળી), શાદ મિથ્ર (કુદરતને લગતા ભલા વિચાર), આબે-રવા (યાને વહેતા ઝરાનું પાણી) તથા ગુલ (યાને ફુલ)નો બેહરેહ, દરૂન-મ્યજદ, રવાવ યાને ઈજ્જેલા વસ્ત્ર, 'ગઓ'ને લગતું ખાણું, અએસ્મ-બોએ-બખુર*-અગર-કાઠીથી રોશન રાખેલી આતશની બરેહ, તથા રોગનની રોશન બતી, વીગેરે વીગેરે, ચીજો જે તમારી હજુરમાં અર્પણ કરીશું, તે બધું તમો જરૂર સ્વીકારી અમને ખુશી કરશો!

હમો જાણ્યે છીએ કે તમો અશો રવાનો તો કદીમ છેઓ, અને મીનોઈના તલબગારો છેઓ, તેઓને અહીંની અર્પણ કીધેલી ચીજો તે શું ખુશનુદ કરી શકવાની

---

* "બખુર" એટલે બધી જાતનાં સુગંધી તેજાનાઓ - જેવાં કે તજ, લવંગ, જાયફળ, જાવંત્રી, એલચી વીગેરે લઈ તેનો બારીક ભુકો કરી, તેને લોબાન, અગર, તગર, બોએ, સુખડનો વેહેર, વીગેરેના છુંડેલા ભુકા સાથે ભેળી ધુપાવવા માટે બનાવેલું મિશ્રણ, આપણાં લોકો હાલમાં જેમ લોબાન તથા સુખડનો વેહેર ભેળીને ધુપાવે છે તેમ અસલ ઈરાનમાં ઉપર મુજબ બખુર દીની કાયદા મુજબ બનાવીને ધુપાવવામાં આવતો હતો.

હતી? છતાં, તમો બધાં અહીં યાદ કરેલાં નાંમ-બ-નાંમ અશો રવાંનો - બેહેશ્ત-બહેરેહમાં આગલ, આગલ અને આગલજ વધજોઃ-

(☛ અહીં દરેક મેમ્બરે પહેલવહેલાં જરથોશ્તી ઈલ્મેક્ષ્નૂમનાં ઉસ્તાદ સાહેબ બેહેશ્ત-બહેરેહ ઑસ્તા બેહેરામશાહ ઑસ્તા નવરોઝજી (શરાફ)નું નામ પેશ-રવાન તરીકે નીચે મુજબ ત્રણ વાર દેવું, અને પછી પોતીકા તરફથી જે બધાં અનુશેહ વ્હાલાંઓનાં નામો તાકચીઆન માટે આપેલાં હોય તેઓ મરદ યા બાનુ - પરણેલાં યા નહીં પરણેલાં હોય તોબી - તેઓનાં નામો તેઓના સગાં બાપનાં નામ સાથેજ નીચે મુજબ ત્રણ વાર દેવાં.

"બહેશ્ત-બહેરેહ અનુશેહ-રવાંન - ઈફલાંન (તે ઉરવાનનું નામ) બીન✞ યા બીનત✞ ફલાંન (તે ઉરવાનનાં પીતાનું નામ) અએદર યાદ બાદ!" (યાને ફલાંના ફલાંનાની યાદી અહીં હોજો!) આ નામ દેતી વખતે વીચાર ઘણાજ સાબેત રાખી, તે ઉરવાનોની બને ત્યાં સુધી આકૃતી મનમાં કલ્પીને તેને બોલાવતા હોઈએ તેમ જોશભર યાદ કરવાં, અને આપણાં ભાનની અંદર તેઓને ખુબ ખેંચવા યાને આપણી તરફ આકર્ષણ કરવું.)

"ફ્રવષયો ક્ષ્નૂતાઑ અયન્તુ અહ્મ્ય ન્માને!
ક્ષ્નૂતાઑ વીચરૅન્તુ અહ્મ્ય ન્માને!
ક્ષ્નૂતાઑ આફ્રીનૅન્તુ અહ્મ્ય ન્માને!
વંઘુહીમ્ અષીમ્ આપરાંમ્!
ક્ષ્નૂતાઑ પારયન્તુ હચ અહ્માત્ ન્માનાત્!
સ્તઑમાચ રાઝૅચ બરૅન્તુ દથુષો અહુરહે મઝદાઓ અમૅષનાંમ્ સ્પૅન્તનાંમ્!
મા ચિમ્ ગૅરઝાનાઑ પારયન્તુ હચ અહ્માત્ ન્માનાત્!
અહમાકૅમ્ચ મઝદયસ્નનાંમ્!"

બ ક્ષ્નુદી આયદ્દ અમૅશાસ્પંદાંન્ વ ફરોહરાંન્ અંદર્ ઈન્ માન્! બ ક્ષ્નુદી આયંદ વ રવંદ્દ અંદર ઈન્ માન્! બ ક્ષ્નૂદી આફરીન્ કુનંદ્દ અંદર્ ઈન્ માન્! બ ક્ષ્નૂદી ફ્રાઝ્ બે-રવંદ્દ અઝ ઈન્ માન્! યઝશને

---

✞ 'બીન' એટલે છોકરો અને 'બીનત' એટલે છોકરી એમ ફારસીમાં અર્થ થાય છે.

વ. સ્નાયશ્નને અશાઈ કારે.ઈ કેર્ફે બરંદ્ અઝ્ ઈન્ માન્ ઓય્ દાદાર્ અહુરમઝ્દ વ અમૅશાસ્પંદાન્! મ પ ચીહ્-ઝ્ ગર્ઝશ્ને બે-સ્વંદ્ અઝ્ ઈન્ માન્ હમાક્ માઝદયસ્નીમ્!

યાને "ફરોહરો ખુશાલ-થઈને આ ઘેરમાં પધારે!

આ ઘેર (અઈર્પિ-પઈરિ)માં ખુશાલ-થઈને ફરોહરે!

"ખુશાલ થઈને આ ઘેરમાં ભલા મહેરબાની ભરેલા આશીષનાં આશીસ્વાદ દે! ખુશાલ-થઈને આ ઘેરમાંથઈ સીધારે! સ્તોત અને અર્પણ-કીધેલી ચીજો પેદા કરનાર અહુરમઝ્દ તથા અમશાસ્પંદોની તરફ લઈ જાય! અમો માઝદયસ્નીઓના આ ઘેરમાંથી સહેજબી વીલાપ કરતાં (તેઓ) સીધારે નહી!

અમશાસ્પંદો તથા ફરોહરો આ ઘેરની અંદર ખુશાલી સાથે પધારે! આ ઘેરની અંદર ખુશાલી સાથે આવજા કરે! આ ઘેરની અંદર ખુશાલી સાથે આષીર્વાદ દે! આ ઘેરમાંથી ખુશાલી સાથે તેઓ બહાર જાય! આ ઘેરમાંથી દાદાર અહુરમઝદ તથા અમશાસ્પંદો તરફ યઝશ્ને તથા સેતાયશ જેવાં અષોઈવાળાં કામ અને સવાબ લઈ જાય! તમામ માઝદયસ્નીઓના આ ઘેરમાંથી જરાકબી વીલાપ નહી કરતાં તેઓ સીધારે!"

ભલે પધારો અય તમો અશો સ્વાંનો! તમારી નામ શાહીત યાદ પુર માન સહીત અમો અહીં કરી રહ્યાં છીએ! તમારાં મુબારક કદમ અત્રે આ પઈરિમાં ભલે લંબાવો! દરૂદ હોજો તમારાં મુબારક નામ પર! અહીં થતી બધી ક્રીયાઓથી તમો મેહેરબાનો બસ ખુરનુદ, ખુરનુદ, ખુરનુદ હોજો! અય તમો કદીમ પરોહ્તઓ, અહીં ખુરનુદ થઈને આવ-જાવ કરજો! તમો અઝીઝો અમારી આ પઈરીમાંથી નારાઝ અને નસોસ થઈને ના જતાં, પણ અહીંથી તમામ ખુરનુદીભર્યા આનંદભર્યા સીધારજો? અને અમારી તરફની આ સ્તોતની ભેટો – આ બધી થનારી ફ્રવશ્ગાંનની ક્રીયાઓની બુલંદ ખાસ્તર – દાદાર અહુરમઝદ અને અમશાસ્પંદોના સ્તોતના મખઝનમાં યાને ખજાનામાં ઠાવાં પોહોંચાડજો અને ઉપલી આલમમાંથી અમોને તેમજ કુલ બસ્તે-કુશ્તીઆંન કોમની ઉપર તેમજ આખી સૃષ્ટીની ઉપર તમારા ઉત્તમમાં ઉત્તમ, ઉમદામાં ઉમદા આશીસ્વાદનો વરસાદ વરસાવજો, જેથી હમો બધાં અહીંના જ-દેહ-સ્વાંનો યાને જીવતાંઓની ખાહેશ ઉસ્વાનીક વૃદ્ધિ અને ઉસ્વાનની 'નાઝી' યાને બોખ્તગી કરવા તરફ જ ઢળે, અને અહીં બધેબધ કુદરતની તાબેદારી, 'બુંદી-મનશ્ની' યાને સંપૂર્ણ ખાકઃ સારી (આરમઈતી), રાદ કામો કરવાની શક્તિ, આબાદી, સુલેહશાંતી, ખુશાલી, ચમશ્ની અને નેકી સર્વદા પંથરાય અને સચ્ચાઈ તથા અશોઈનું રાજ (એરેજોઈશ ખાઓ અને અષહે ખાઓ) અહીં સદા અમર તપો!

'અષાઉનાંમ'ની તુફેલમાં પધારતાં અય તમો વ્હાલાં પનોતાં અશોં-અનુશેહ રવાંનો! તમોને ખરાં જીગરનાં ત્રણ ત્રણ મસ્તબે નમસ્કાર હોજો! (આ વખતે ખુબ પુર ભાન સહીત નમવું.)

આમીન! આમીન!! આમીન!!!

☞ અથ જમ્યાત્ યથ આફ્રીનામિ! (ત્રણ વાર મોઢેથી ભણવું).

ઉપલા મિથ્ર મનની ઘણી શાંતીથી ધીમે ધીમે ફેંકવા. ત્યારબાદ દો-ઝાનું બેસીને, બધાઓએ બુલંદ અવાજે **૨૧ યથા અહૂ વઈરયો અને ૧૨ અષેમ વૉહૂ પઢવીઃ**

અહીં અનુશેહ-રવાંનોને ઈજન કરવાના મિથ્રની ક્રીયા તમામ થાય છે.

---